યુનિ. બોર્ડ ઓફ સ્ટડીમાં હવે વિદ્યાર્થીઓનો સમાવેશ થશે

અમદાવાદ, તા.૨

ગુજરાત યુનિવર્સિટીમાં દર ત્રણ મહિને યોજાતી એકેડમીક કાઉન્સીલની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઈન્ટર ડિસીટલીન અભ્યાસક્રમને મંજુરી આપવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓનાં હિતને ધ્યાનમાં લઈને નવા અભ્યાસક્રમને રિફોર્મ કરવાની તેમજ યુનિવર્સિટીના કર્મચારીઓની ખોટી બઢતી અટકાવવા સુધીના મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત બોર્ડ ઓફ સ્ટડીમાં વિદ્યાર્થીઓને સમાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટીમાં યોજાયેલી મહત્વની એકેડમીક કાઉન્સિલની બેઠક આશરે ત્રણ કલાક સુધી ચાલી હતી. સમગ્રરીતે બેઠક શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. બેઠકમાં સર્વાનુમતે અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, ગુજરાત યુનિવર્સિટીમાં એકેડમીક ટર્મમાં સુધારા-વધારા તેમજ વિવિધ અભ્યાસક્રમોમાં નવા ફેરફારને લગતા તમામ પ્રશ્નો પર આ બેઠકમાં ચર્ચા કરવામાં આવે છે. જેને એકેડમીક કાઉન્સિલના મેમ્બરની સંમતિથી મંજુર કરીને ગુજરાત યુનિવર્સિટીમાં લાગુ પાડવામાં આવતા હોય છે. આ બેઠકમાં ઈન્ટર ડિસિપ્લીન કોર્ષને માન્યતા મળતા, ગુજરાત યુનિવર્સિટી આ પ્રકારના કોર્ષને માન્યતા આપનારી રાજયની પ્રથમ યુનિવર્સિટી બની ગઈ છે. જેનાથી સાયન્સ વિભાગના વિદ્યાર્થી કોમર્સમાં તો કોમર્સ વિભાગના વિદ્યાર્થી સાયન્સ વિભાગમાં પીજી લેવલના કોર્ષ કરી શકશે.

એકેડમીક કાઉન્સીલની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો પર નજર કરીએ તો સૌથી મહત્વનો નિર્ણય બોર્ડ ઓફ સ્ટડીમાં વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવે. તેમજ ગોલ્ડ મેડલિસ્ટ વિદ્યાર્થીઓએ એકેડમિકમાં પોતાનું યોગદાન આપી શકશે. શરતી કોલેજોની ચકાસણી બાદ હવે ૧૦ જેટલી કોલેજોને કાયમી કોલેજો તરીકેની માન્યતા આપવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીમાં ઈન્ટર ડિસિપ્લિન કોર્સને મંજુરી આપવી, પ્રોફેસર કાર્તિક ભટ્ટને આપવામાં આવેલું પ્રમોશન અયોગ્ય માનવામાં આવ્યું તેમજ તેમણે પ્રમોશન બાદ આપવામાં આપેલો વધારાનો પગાર યુનિવર્સિટી દ્વારા એક મહિનામાં વસૂલ કરવો વગેરે જેવા મહત્વનાં નિર્ણયો લેવામાં આવ્યા હતા.

રાજધાની એક્સપ્રેસમાંથી અઢી કરોડ રોકડા પકડાયા

અમદાવાદ, તા.૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આડે હવે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે પોલીસ અને રેલવે પોલીસ પણ વધારે સક્રિય થઇ ગઇ છે. આના ભાગરુપે કાલુપુર રેલવે સ્ટેશન પર તપાસ દરમિયાન રાજધાની એક્સપ્રેસમાંથી અઢી કરોડ રૂપિયાની જંગી રોકડ રકમ કબજે કરવામાં આવી હતી. આ રોકડ રકમ સાથે ત્રણ લોકોની પણ ધરપકડ કરવામાં આવી હતી. રોકડ રકમ રાખવા પાછળનો હેતુ શું હતો અને આ રકમ ક્યાં લઇ જનાર હતી તે સંદર્ભમાં કોઇપણ પ્રકારની માહિતી હજુ સુધી હાથ લાગી નથી.

રેલવે પોલીસે ઝડપાયેલા શખ્સોની આકરી પુછપરછ હાથ ધરી છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પહેલા જ શેહરમાંથી આજે સવારે ત્રણ આરોપી સહિત અઢી કરોડ રૂપિયા ઝડપાયા હતા. દિલ્હીથી અમદાવાદ આવતી રાજધાની

એકસપ્રેસમાં તપાસ દરમિયાન ત્રણ બેગમાંથી અઢી કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. આ ઘટનાની જાણ કાલુપુર પોલીસ અને રેલ્વે પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. પોલીસે અને રેલ્વે પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે પ્રાથમિક પુછપરછ કરતાં આ પૈસા રતનપોળમાં આવેલી અંબાલાલ આંગડીયા પેઢીમાં આપવાના હતા. પોલીસ મુજબ આજે સવારે અમદાવાદ રેલ્વે સ્ટેશન પર રાજધાની એકસપ્રેસ આવી હતી. તે દરમીયાન રેલ્વે એલસીબીની ટીમને બાતમી મળી હતી. બાતમીના આધારે ડી-૮ કોચમાં શંકાસ્પદ વસ્તુ છુપાવીને લવાઈ રહી હતી.

બાતમીના આધારે કાલુપુર પોલીસ અને રેલ્વે પોલીસના અધિકાર દ્વારા તપાસ કરતાં નશાભાઈ ડાભી નામનો શખ્સ ત્રણ શંકાસ્પદ બેગ સાથે મળી આવ્યો હતો. જેમાં અઢી કરોડ રૂપિયા રોકડા મળી આવ્યો હતો. જેનાં અઢી કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. અલ્પેશ ભાઈ પટેલ (ઉ.વ.૩૬) અરવિંદ પટેલ (ઉ.વ.૨૮)ઓની ધરપકડ કરી હતી. આ બે આરોપીઓ પૈસા લેવા માટે આવેલા હતા. ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટો મળતા પોલીસે નશાભાઈની ઉલટ તપાસ હાથ ધરી હતી. આ અંગેની જાણ ઈન્કમ ટેક્સ વિભાગને કરતા અધિકારીઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને વધુ તપાસ હાથ ધરી આ અંગે ઈન્કમટેક્સ વિભાગ વધુ તપાસ હાથ ધરી છે.

ડીસા આદર્શ વિદ્યાસંકુલમાં જ્ઞાનસત્ર કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૨

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી સંસ્કાર મંડળ ડીસા સંચાલિત આદર્શ વિદ્યાસંકુલ ડીસા ખાતે વર્ષ ૨૦૧૫ સુવર્ણ જયંતિ પર્વ

પર આધ્યાત્મ માર્ગના યાત્રી ભાણદેવજી દ્વારા મહાભારતના આધ્યાત્મ વિષય ઉપર પ્રવચન અપાયું.

અધ્યાત્મ માર્ગના યાત્રી ભાણદેવજી દ્વારા સુવર્ણ અવસરની સમીપ પહોંચતા મહાભારતનું અધ્યાત્મ વક્તવ્ય આપ્યું. આદર્શ વિચારો રજુ કર્યા અને આ વિશાળ જનમેદનીને ત્રિ-દિવસીય કાર્યક્રમમાં મંત્રમુગ્ધ કરી આદર્શ વિદ્યા સંકુલનાં સુવર્ણજયંતિ પર્વે શુભેચ્છા પાઠવી.

આદર્શ વિદ્યા સંકુલમાં શિશુ મંદિર, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક (સા. પ્રવાહ-વિજ્ઞાન પ્રવાહ)માં ૪૩૮૦ જેટલાં વિદ્યાર્થીઓ શિક્ષણ સાથે સંસ્કારો પ્રાપ્ત કરી રહ્યા છે. ૧૯૬૧માં મા. અનંતરાવજી કાલે દ્વારા રોપાયેલ બીજ આજે વિશાળ વટવૃક્ષ બન્યું છે. વિદ્યાલયના ૫૦ વર્ષ પૂર્ણાહુતિ પ્રસંગે સુવર્ણ જયંતિ પર્વ ઉજવાઈ રહ્યું છે. મુખ્ય મહેમાન તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થી એવા એલ.ડી. ગ્રૂપના નિલેશભાઈ ગેલોત હાજર રહ્યા હતા. તે સાથે તેમને શહેરના શૈક્ષણિક અભિગમને વધુને વધુ પ્રગતિમય અને ડીસા તાલુકામાં આદર્શ વિદ્યા સંકુલ શૈક્ષણિક પ્રગતિના શિખરો સર કરે તેવી સફળ શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતા. અને તે સાથે શિક્ષણ પ્રેમી ભુતપૂર્વ વિદ્યાર્થી નિલેશભાઈ ગેલોત આ સંસ્થાને હર હંમેશ સહયોગ આપતા રહેશે. નિલેશભાઈ ગેલોત દ્વારા અધ્યાત્મ માર્ગના યાત્રી એવા આદરણીય ભાણદેવજીને પુષ્પગુચ્છ, પુસ્તક સાથે મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમ ત્રણ દિવસ સુધી ચાલ્યો હતો. જેમાં અધ્યક્ષ તરીકે ડૉ. શોભરાજ કોટક, છગનભાઈ પટેલ અને મહેમાન કનુભાઈ વ્યાસ અને ડૉ. જીતેન્દ્ર નાગર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પોતાનો અમુલ્ય સમય ફાળવીને હાજર રહેલા ભાણદેવજીને ડૉ. અજયભાઈ જોષીએ શાલ ઓઢાડી અન ડૉ. સી.કે. પટેલે ઋણ સ્વીકાર પત્ર આપી સંસ્થા પરિવાર વતી આભાર માન્યો હતો. શ્રી આદર્શ સંસ્કાર મંડળના પ્રમુખ ડૉ. અજયભાઈ જોષી, પ્રાધાનાચાર્ય શિવરામભાઈ પ્રપજાપતિ અને હસુમતીબેન સહાયતા તથા સંસ્કાર મંડળ પરિવારે સર્વે ઉપસ્થિત મહાનુભાવોનો હાજર રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

જોધપુરની એક સોસાયટીમાં રાજકીય નેતાઓ માટે નો એન્ટ્રી

અમદાવાદ, તા.૨

ચૂંટણી આવે ત્યારે જ નેતાઓને પ્રજા અને તેના પ્રશ્નોની યાદ આવતી હોય છે. ત્યારે આ વખતે પણ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની જાહેરાત થતા નેતાઓ સક્રિય બની ગયા છે. પરંતુ અમદાવાદની એક સોસાયટીમાં તો વર્ષ, ચૂંટણીમાં વોટની ભીખ માંગવા આવવું નહી તેવા બોર્ડ મારી દેવામાં આવ્યા છે.

જો કે અત્યાર સુધી લોકોના પ્રશ્નો પર કાર્યવાહી ન કરનારા નેતાઓ ભલે સક્રિય થઈ ગયા હોય, પરંતુ લોકો તેમને પડેલી સમસ્યા હજુ ભુલ્યા નથી. જે તેઓ છેલ્લા કેટલાક સમયથી ભોગવી રહ્યા છે. અમદાવાદના મેયર મિનાક્ષીબેન પટેલના જોધપુર વોર્ડની જ્યાં સ્થાનિકોએ નેતાઓને ઉદ્દેશીને એક બોર્ડ લગાવ્યું છે. જેમાં લખ્યું છે કે, અહીં નેતાઓએ ભીખ માંગવા આવવું નહીં જોધપુર વિસ્તારની વિશ્વકર્મા સોસાયટીના દરવાજા પર કોઈપણ રાજકીય પક્ષના નેતાઓએ ભીખ માંગવા અહીં આવવું નહીં તેવું બોર્ડ લગાવવામાં આવ્યું છે આ સોસાયટીમાં ૧૨૫ મકાનો છે. જેમાં મોટાભાગના પાટીદારો છે. તેથી અન્ય સમસ્યાની સાથે સાથે પાટીદારોનો રોષ પણ ભાજપના નેતાઓને સહન કરવાનો વારો આવ્યો છે. અન્ને નોંધનીય છે કે, અગાઉ પણ સ્થાનિક સમસ્યાઓને લઈને આ વિસ્તારમાં આવા બોર્ડ લાગી ચુક્યા છે. ત્યારે આ વર્ષે મેયર પોતાનો વોર્ડ જ બદલી દેવા માંગે છે. અમદાવાદના નાગરિકની બેઠક જ હવે સલામત ન હોય તો અન્ય નેતાઓની શું હાલત થાય તે જોવા જેવુ છે.

ટપાલ વિભાગ તૈયાર : દિવાળી પર્વોમાં શુભેચ્છાના કાર્ડ મોટી સંખ્યામાં હજુ પણ લખાય છે. સમયસર દિવાળી કાર્ડ પહોંચાડવા માટે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ટપાલ વિભાગ દ્વારા તૈયારીઓ કરાઈ છે. અલગ - અલગ મહાનગરોની બેગો તૈયાર કરાઈ છે. જેથી ઝડપથી શોર્ટીંગ થઈ વિતરણ કરી શકાય.

ડબલ મર્ડરનો આરોપી આખરે ઝડપાઇ ગયો

અમદાવાદ,તા. ૨

ગત ગુરુવારે સવારે નરોડા ફ્રુટ માર્કેટ પાસે કિશન દયાલ કોમ્પલેક્સના ભોયરામાં એક મહિલા શારદાબેન અને પુરુષ રાજુભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે પોલીસે તપાસ કરતા આજે સવારે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. આ આરોપીઓ રમેશ ઉર્ફે કલ્લો સત્તુલાલ રાજપૂત (૨૩), કલાપીનગર, કરણસિંહ અરવિંદસિંહ ડાભી (૧૯), નરોડા, સજની ભગવાનસિંહ કુશવાહ (૨૦), કલાપીનગરની ધરપકડ કરી હતી. શહેર કોટડા પોલીસ સ્ટાફને તપાસ દરમિયાન બાતમી મળી હતી. બાતમીના આધારે કિશન દયાલ કોમ્પ્લેક્સના ભોયરામાં કેટલાક શખ્સો નિયમિત નશો કરવા જાય છે જેને પગલે પોલીસે અલગ ટીમ બનાવી તપાસ હાથ ધરી હતી. પકડાયેલા આરોપીઓની સઘન પુછપરછ કરતો આરોપી રમેશ ઉર્ફે કલ્લો દસ દિવસ અગાઉ શારદાબેન સાથે કોઇ કારણોસર ઝઘડો થયો હતો જેથી આરોપી રમેશ ઉર્ફે કલ્લોએ શારદાબેનને ધમકી આપી હતી. આરોપીઓની વધુ પુછપરછ કરતા ત્રણેય આરોપીઓ નશા કરવા જતા હતા તે દરમિયાન રાજુભાઈએ કેમ આવ્યા હોવાનું પુછ્યું હતું. જેથી ઉશ્કેરાયેલા આરોપી રમેશે રાજુભાઈનું ગળુ દબાવતા મોત નિપજ્યું હતું તે દરમિયાન શારદાબેન જાગી જતાં આરોપી સન્નીએ શારદાબેનને મોઢાના ભાગે લાકડી વડે મારમારી ગળુ દબાવી હત્યા કરી હતી.

નજર ચુકવી ચોરી કરતી મહિલા ટોળકી ઝડપાઈ

શહેરમાં ભીડનો લાભ ઉઠાવી નજર ચોરીના બનાવો સતત વધ્યા કરે છે. આ ભીડનો લાભ લઈને ચોરી કરતી છારા ગેંગની મહિલાઓની આજે સવારે સેટેલાઈટ પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે સીસીટીવી ફુટેજની તપાસ કરી હતી. તે દરમિયાન બાતમીના આધારે છારા ગેંગની મહિલાઓને ઝડપી પાડી હતી. આરોપીઓ મહિલાઓ પાસેથી આઈફોન-૬ કબ્જે કર્યો હતો. પોલીસ મુજબ અગાઉ થાડો દિવસ પહેલા સેટેલાઈટ વિસ્તારમાં બીઆરટીએસ બસમાં એક મહિલા મુસાફરી કરી રહી હતી.

કાર્ય, કાર્યકર, જનવિશ્વાસથી ભાજપ વિજયી બનશે : ફળદુ

અમદાવાદ, તા.૨

પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે,આગામી તા.૨૨ અને ૨૯ નવેમ્બર દરમ્યાન યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ભાજપા કાર્ય, કાર્યકર્તા અને જનવિશ્વાસની ત્રિવેણી તાકાતને આધારે વિજયી બનશે. ફળદુએ સશક્ત, સ્વાવલંબી અને સલામત સમાજજીવનના નિર્માણ માટે ભાજપાની સરકારે કરેલા જનહિતના કાર્યની માહિતી આપતા જણાવ્યું હતું કે, ભાજપા સરકારે છેવાડાના માનવીથી લઈને યુવાનો સ્વાવલંબી બને, મહિલાઓનું સશક્તિકરણ થાય અને સુખ-શાંતિ અને સલામતીના વાતાવરણમાં વિકાસની દિશામાં રાજયના અને દેશના પ્રજાજનો ભાગીદાર બને તેવા પ્રજાહિતના કાર્યો મુખ્ય મંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજય સરકાર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર રહી છે. ગુજરાતે સમગ્ર દેશને જાતિવા, અવસરવાદ, પરિવારવાદ, તૃષ્ટિકરણના રાજકારણને બદલે વિકાસની રાજનિતિનો માપદંડ બન્યો છે. સમગ્ર દેશમાં વિકાસ એ જન આકાંક્ષાઓની પૂર્તિ અને શાસકીય સફળતાનો માપદંડ બન્યો છે. રાજયમાં છેલ્લા ૧૪ વર્ષથી રાજય સરકાર અને ભાજપા શાસિત સ્થાનિક સ્વરાજયની કાર્યોના માધ્યમથી વહન કર્યું છે.

ભારતીય જનતા પાર્ટી સમગ્ર વિશ્વમાં સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે તેમ જણાવી ફળદુએ જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રાણ સંગઠન છે. સંગઠનનું ચાલકબળ કાર્યકર્તા છે. સંગઠનની તાકાત પર ભાજપા પંચાયતની લઈને પાર્લામેન્ટ સુધીની ચૂંટણીઓ જીત્યુ છે. લક્ષ્યાવધિ કાર્યકર્તાઓના અથાગ્ પરિશ્રમ અને કટિબદ્ધતાથી ભાજપાનું કાર્ય રાજયના ખુણે ખુણે જનસેવાના માધ્યમથી પહોંચ્યુ છે.

ભાજપ-કોંગ્રેસ બંને માટે હવે ઉમેદવારની પસંદગી જટિલ

અમદાવાદ, તા.૨

ગુજરાતમાં આગામી ચૂંટણી રાજકીય પક્ષો માટે માથાનો દુખાવો બની રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. એક તરફ ભાજપમાં તો ટીકિટ માટે ડખા હતા જ પરંતુ હવે કોંગ્રેસમાં પણ કોને ટીકીટ આપવી તે માટે મોડી રાત સુધી ચર્ચાઓ ચાલી. જોકે કોઈ ચોક્કસ નિર્ણય ન લેવાતા કોંગ્રેસ બે તબક્કામાં ઉમેદવારોની યાદી જાહેર કરે તેવી શક્યતા છે. આગામી મ્યુનિ.કોર્પોરેશનની ચૂંટણી માટે કોંગ્રેસે મુરતિયા શોધવાની પ્રક્રિયાને આખરી ઓપ આપવા ધમધમાટ હાથ ધર્યોછે. જે માટે યોજાયેલી એક બેઠક ફાર્મ હાઉસમાં યોજાઈ હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી ગુરુદાસ કામતની અધ્યક્ષતા હેઠલ મેળવી બેઠકમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સહિતના નેતાઓની ઉપસ્થિતિમાં લોકલ કો.ઓર્ડિનેટરની કમિટી સાથે સ્થાનિક સ્તરે પસંદ કરાયેલી પેનલના સંભવિત ઉમેદવારો અંગે ચર્ચા થઈ હતી. જોકે અમદાવાદ સહિત અન્ય શહેરોમાં એક કરતાં વધુ દાવેદારોને પગલે વિવાદ સર્જાતા મોડી રાત સુધી બેઠક ચાલી હતી. આથી જ ઉમેદવારોની યાદી બે તબક્કામાં ઉમેદવારોની યાદી જાહેર કરવા નક્કી કરાયું છે. સૂત્રોના મતે, રાજકોટમાં ૬ વોર્ડ, ભાવનગરમાં ૩ વોર્ડ પેનલ નક્કી કરી શકાઈ નથી. બાકી મોટા ભાગના ઉમેદવારોની પસંદગી થઈ ચુકી છે. સુરત અને અમદાવાદની બેઠકો અંગે ચર્ચાનો દોર ચાલુ રહેશે, ખુદ આગેવાનો અને દાવેદારો શું ચાલી રહ્યું છે તે જાણવા આમથી તેમ દોડતાં નજરે ચડ્યા હતા. કોંગ્રેસ હવે બે તબક્કામાં ઉમેદવારોની યાદી જાહેર કરે તેવી સંભાવના છે. પ્રથમ યાદી ત્રીજી નવેમ્બરે મોડી રાત્રે જાહેર થાય તેમ છે. અમદાવાદમાં ૪૨ વોર્ડ પૈકી ૨૨ વોર્ડમાં પેનલોને આખરી ઓપ આપી દેવાયો છે. જ્યારે ૨૦ વોર્ડમાં હજુ પણ દાવેદારોની વધુ સંખ્યાને લીધે ખુદ નિરિક્ષકો પણ પેનલો નક્કી કરી શક્યાં નથી. હવે આ વિવાદ ગુજરાતના પ્રભારી કામત અને પ્રદેશ પ્રમુખ સહિતના નેતા ઉકેલશે. આ સાથે જ અમદાવાદમાં આ વખતે ૧૦ સિટિંગ કોર્પોરેટરોની ટિકિટ કપાશે તેમ સૂત્રોનું કહેવું છે. ટિકિટ ફાળવણીને મુદ્દે આ વખતે કોંગ્રેસના ઉકળતા ચરુ જેવી સ્થિતી છે.

અધિકાર નથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પુર્ણિયામાં રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, સીખોના કત્લેઆમ ઉપર મૌન રહેનાર કોંગ્રેસ પાર્ટી આજે અસહિષ્ણુતાની વાત કરી રહી છે. ૧૯૮૪ના સીખ વિરોધી રમખાણ બાદ કોંગ્રેસને સહિષ્ણુતાના સંદર્ભમાં ઉપદેશ આપવાનો કોઈપણ અધિકાર નથી. કોંગ્રેસ પાર્ટી ડ્રામાબાજી કરી રહી છે. મોદીએ સંબોધનમાં કહ્યું હતું કે, સોનિયા ગાંધી બીજી નવેમ્બર ૧૯૮૪ના દિવસને યાદ કરે. ઈન્દિરા ગાંધીની હત્યા બાદ દેશમાં સીખોનો કત્લેઆમ થઈ રહ્યો હતો. કોંગ્રેસના અનેક નેતાઓ ઉપર સીખોના કત્લેઆમનો આક્ષેપ થઈ ચુક્યો છે. કોંગ્રેસ ઉપર પણ ગંભીર આક્ષેપો થયા હતા. જે પાર્ટીના નેતા પર કત્લેઆમના આક્ષેપો થયેલા છે તેઓ આજે સહિષ્ણુતાની વાત કરી રહ્યા છે. પ્રશ્નોના અંદાજમાં મોદીએ કહ્યું હતું કે, બિનજરૂરી આક્ષેપબાજી કરવામાં આવી રહી છે. કોંગ્રેસે હાલમાં જ મોદીની જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ લાલૂ યાદવ અને નીતીશકુમારનો આભાર માનતા કહ્યું હતું કે, જે કોંગ્રેસનું બિહારમાં નામોનિશાન નથી તે કોંગ્રેસને લાલૂ અને નીતીશકુમાર ૪૦ બેઠકો ઉપર ચૂંટણી લડાવી રહ્યા છે. ૪૦ બેઠકો તો આ લોકો અમને ચૂંટણી લડ્યા વગર જ આપી રહ્યા છે. નીતીશકુમાર ઉપર પ્રહારો કરતા મોદીએ કહ્યું હતું કે, નીતીશકુમાર ઉપર બિહારના લોકોને હવે વિશ્વાસ નથી. બિહારના લોકો જંગલરાજથી ત્રાસી ગયા છે. નીતીશકુમાર પોતે પણ હવે લાલૂ યાદવની સાથે દેખાઈ રહ્યા છે. ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ જે નીતીશકુમારના ખભા ઉપર પોતાનો હાથ મુક્યો હતો. જનતાએ વાજપેયી ઉપર વિશ્વાસ મુક્યો હતો.મોદીએ એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસના હાથ બિલકુલ સ્વચ્છ દેખાઈ રહ્યા નથી જેથી તેમના લોકો બિનજરૂરી આક્ષેપબાજી કરીને લોકોને ગેરમાર્ગે ન દોરે. મોદીએ પ્રચંડ રેલીને સંબોધતા કહ્યું હતું કે, બિહારને ઉજ્જવળ ભવિષ્ય માટે ભાજપની જરૂર છે. બિહારના લોકો હવે નીતીશકુમારને સ્વીકારવા માટે તૈયાર નથી. તમામ લોકો માટે વિજળી, રોજગારી, માર્ગો અને સુરક્ષા આપવાની નીતીશકુમારની યોજનાનું શું થયું. મોદીએ એમ પણ કહ્યું હતું કે, નીતીશકુમાર અને લાલૂ યાદવ વિજળીના પ્રશ્ને વ શબ્દનો પણ ઉપયોગ કરતા નથી. આ લોકો બિનજરૂરીરીતે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. પોતાના કામોનો હિસાબ આપી રહ્યા નથી. બિહારમાં ૨૪ કલાક વિજળી, સારા રસ્તા, સારુ શિક્ષણ, પાણી અને દવા આપવાની મોદીએ ખાતરી આપી હતી.

લાકડાની હરાજી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કરવામાં ત્રણ મહીના જેટલો સમય વિતી ગયો હતો. વરસાદી વાયરામાં નગરની હરિયાળીનો સોથ વળી ગયો હતો. આખરે વન વિભાગ દ્વારા આ વૃક્ષોમાંથી ઉપજ થયેલા ૨૦ હજાર કવિન્ટલ લાકડાની હરાજી કરવાનો નિર્ણય લેવાયો હતો.

જેના અંતે વનતંત્ર દ્વારા આગામી તા ૫ નવેમ્બરના રોજ વૃક્ષોના લાકડાની હરાજી કરવામાં આવશે. જયારે આ હરાજી બે તબક્કામાં કરવામાં આવશે. પ્રથમ તબક્કા બાદ લાકડાના અન્ય જથ્થા માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. જયારે લાકડાની હરાજીમાંથી વન વિભાગને લાખો રૂપિયાની આવક થશે. અંદાજીત રૂપિયા ૪૦ લાખથી વધુ આવક થવાની સંભાવના છે.

બે કેસ મળ્યા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હોસ્પિટલમાંથી ગત સપ્તાહે જે રીતે નોંધાયેલા કેસો મળ્યા તેને પગલે તંત્રએ એન્ટી લારવેલ અને સર્વેલન્સને વધુ સઘન બનાવ્યું છે.

શહેરમાં ડેન્ગ્યુ પોઝીટીવના કેસોની સંખ્યા ૬૦ને પાર કરી ગઈ હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

તંત્રએ આજે સે. ૨૨માંથી મળેલા આ કેસોને પગલે સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

મુલાકાત લેશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર આજે ગાંધીનગરની મુલાકાતે આવવાના છે. ત્યારે તેઓ મુખ્યમત્રીની મુલાકાત પણ લેશે. આ દરમિયાન તેઓ મુખ્યમંત્રી સાથે રેલવે સંબંધિત પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરશે. ત્યારે આ મુલાકાતને ધ્યાને રાખી શહેર વસાહત મહામંડળના પ્રતિનિધિઓમાં પણ કેપિટલ સ્ટેશનના વિકાસને લઈને માર્ગ મકાન વિભાગના સચિવને પણ પત્ર લખ્યો છે. જેમાં વિવિધ મુદ્દાઓ અંગે ધ્યાન દોરવામાં આવ્યુ છે. આશા બંધાઈ છે. શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણ બુચે પાટણ અને આબુ રૂટની મેમુ ડેમુ વાયા ગાંધીનગર કરવા પણ રજુઆતમાં જણાંવાયુ છે.

દુ:ખદ અવસાન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દુ:ખની લાગણી વ્યકત કરી છે જયારે વકીલઆલમમાં પણ શોકની લાગણી વ્યાપી છે. સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા જિગ્નેશભાઈના પિતાના અવસાનથી બ્રહ્મસમાજે પણ શોકની લાગણી વ્યકત કરી છે. આજે સવારે ૯ કલાકે તેમના સે-૭ ડી સ્થિત નિવાસ સ્થાનેથી સદગતની અંતિમયાત્રા નિકળી હતી. જેમાં મોટી સંખ્યામાં વકીલો પત્રકારો તેમજ ભાજપના આગેવાનો અને શહેરીજનો જોડાયા હતા. સદગતનુ બેસણુ આગામી તા ૫ નવેમ્બરના રોજ સવારે ગુરુવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે રાખવામાં આવ્યુ છે.

ક્ષણના ચણીબોર (૪ પાનાનું ચાલુ...)

દક્ષિણ ગુજરાતના હરિપુરા ગામમાં ૧૯૩૮માં કોંગ્રેસ મહાસભાનું અધિવેશન થયું તે અનેક સંદર્ભમાં ઐતિહાસિક છે. આ સંમેલનમાં બન્ને દિવસ કવિ શ્રી દુલા ભાયા કાગે કેટલીક રચનાઓ રજૂ કરી તેમાં સો સો વાતુનો જાણનારો વિશેષ પ્રસિધ્ધિને વરી છે. ગાંધી ચરિત્રને તળપદી અને મીઠી ભાષામાં પ્રગટાવવાનું કામ આ કવિએ ખૂબીપૂર્વક કરેલું છે તેની નોંધ મેઘાણીભાઈએ લીધી છે.

સો સો વાતુનો જાણનારો
મોભીડો મારો ઝાઝી વાતુનો ઝીલનારો
ભાંગ્યા હોય એનો ભેરુ થનારો
મેલાઘેલાને માનનારો
ઉપર ઉજળા અને મનના મેલા
એવા ધોળાને નહિ ધીરનારો..
ગાંધી મારો સો સો વાતુનો જાણનારો.